ક્રમાંકઃજીસીઇઆરટી/તાલીમ/2025-26/16816-885
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન' સેક્ટર-૧૨, ગાંધીનગર
Email: gcerttraining@gmail.com
તારીખઃ 07 JUL 2025

સત્યમેવ જયતે

**નિયામક**

પ્રતિ
**પ્રાચાર્યશ્રી,**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

**વિષયઃ ધોરણ 3 થી 8 ની શિક્ષક આવૃત્તિ આધારિત એમ.ટી અને શિક્ષક તાલીમ યોજવા બાબત**

**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે શિક્ષણ પ્રણાલીને સમર્થન મળે તેમજ શિક્ષણ પ્રક્રિયાને પ્રોત્સાહન આપવાના હેતુસર **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત** શિક્ષણ વ્યવસ્થામાં થઇ રહેલ મૂળભૂત બદલાવના કેન્દ્રમાં આવશ્યકપણે શિક્ષક જ હોવો જોઇએ તેવું સૂચન કરેલ છે. આ નીતિના અમલીકરણ દ્વારા શિક્ષણના પ્રત્યેક સ્તર પર શિક્ષકોને સમાજના સર્વાધિક સન્માનનીય અને અનિવાર્ય સભ્યના રૂપમાં પુનઃસ્થાપિત કરવામાં મદદ મળે તેવું આયોજન કરવું જરૂરી છે, કારણકે શિક્ષક જ આવનાર પેઢીને સાચા અર્થમાં યોગ્ય દિશામાં આકાર આપી શકે. આ નીતિ દ્વારા શિક્ષકોને સક્ષમ બનાવવા શાળાના વર્ગખંડ વ્યવહારમાં ગુણવત્તા લાવવા સેવાકાલીન તાલીમ કાર્યક્રમો સુદૃઢ અને અસરકારક બનાવવા **શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા વધારવા માટેના પ્રયત્નો કરવા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં ભાર આપવામાં આવ્યો છે.**

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 અંતર્ગત દરેક શિક્ષકે 50 કલાકની (Continuous Professional Development - CPD)** વ્યવસાયિક સજ્જતા તાલીમ લેવી ફરજિયાત છે. જેના ભાગરૂપે રાષ્ટ્રીય શિક્ષણનીતિ 2020 અને સ્ટેટ કેરીકયુલમ ફ્રેમવર્ક ફોર સ્કૂલ એજયુકેશનને આધારે તૈયાર કરવામાં આવેલ શિક્ષક આવૃત્તિને ધ્યાને લઇ પેડાગોજીકલ એમ.ટી. અને શિક્ષક તાલીમનું આયોજન નીચેના સમય મુજબ જિલ્લા કક્ષાએ કરવા આથી જણાવવામાં આવે છે. આ તાલીમમાં તમામ સરકારી, ગ્રાન્ટેડ, આશ્રમ શાળા, મોડેલ સ્કૂલ અને કે.જી.બી.વી પ્રાથમિક શાળાના શિક્ષકોને જોડવાના રહેશે.

દરેક જિલ્લાએ આ આયોજન મુજબ એમ.ટી. તાલીમ જિલ્લા મથકે તેમજ શિક્ષક તાલીમ તાલુકા મથકે નીચેના આયોજન મુજબ ચુસ્તપણે કરવા આથી જણાવવામાં આવે છે.

## એમ.ટી. તાલીમનો સમયગાળો

## તારીખ ૧૪ જુલાઇ થી ૩૧ જુલાઇ ૨૦૨૫

| ક્રમ | ધોરણ | તાલીમનો વિષય | દિવસ સંખ્યા | ધોરણ | તાલીમનો વિષય | દિવસ સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| 1. | ધોરણ 3 થી ૫ | ગણિત | **03** | ધોરણ ૬ થી ૮ | ગણિત | **03** |
| 2. | ધોરણ 3 થી ૫ | ગુજરાતી | **03** | ધોરણ ૬ થી ૮ | ગુજરાતી | **03** |
| 3. | ધોરણ 3 થી ૫ | હિન્દી | **02** | ધોરણ ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | **03** |
| 4. | ધોરણ 3 થી ૫ | પર્યાવરણ | **02** | ધોરણ ૬ થી ૮ | વિજ્ઞાન | **03** |
| 5. | ધોરણ 3 થી ૫ | અંગ્રેજી | **03** | ધોરણ ૬ થી ૮ | હિન્દી | **02** |
| 6. | | | | ધોરણ ૬ થી ૮ | અંગ્રેજી | **03** |
| 7. | | | | ધોરણ ૬ થી ૮ | સંસ્કૃત | **02** |

**શિક્ષક તાલીમનું સમયપત્રક તેમજ મોડયુલના (પેજ સંખ્યા ટાઇટલ પેજ સાથે)**

| ક્રમ | ધોરણ | તાલીમનો વિષય | ધોરણ ૩ /૬ | ધોરણ ૪ /૭ | ધોરણ ૫ /૮ | શિક્ષક તાલીમ તારીખ |
|---|---|---|---|---|---|---|
| 1. | ધોરણ ૬ થી ૮ | ગણિત | 54 | 58 | 52 | **11-13 ઓગસ્ટ-૨૦૨૫** |
| 2. | ધોરણ ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | 94 | 100 | 86 | **18-20 ઓગસ્ટ-૨૦૨૫** |
| 3. | ધોરણ 3 થી ૫ | ગણિત | 104 | 98 | 118 | **21-23 ઓગસ્ટ-૨૦૨૫** |
| 4. | ધોરણ 3 થી ૫ | ગુજરાતી | 70 | 118 | 106 | **25-26 ઓગસ્ટ-૨૦૨૫** |

**નોંધઃ ઉકત ચાર વિષયની શિક્ષક તાલીમ મોડયુલ (શિક્ષક આવૃત્તિ) ના છાપકામ માટેની પ્રક્રિયા શરૂ કરવાની રહેશે. આ છાપકામ ફોર કલરમાં ઓફસેટ પ્રિન્ટીંગ કરવાનું રહેશે.**

**આ માટે GEM પર 10 દિવસની શોર્ટ નોટિસથી કાગમીરી કરી શકાશે.**

**આ કામગીરી શરૂ કર્યા અંગેની વિગતો નીચે આપેલ કયુ.આર. કોડમાં અપડેટ કરવાની રહેશે.**

**ધોરણ 3 થી 8 ના એમ.ટી. અને શિક્ષક તાલીમ માટેની અન્ય સૂચનાઓ**

- તાલીમનો સમય સવારે 10.30 થી 17.00 નો રહેશે.
- તાલીમના દિવસે શનિવાર આવતો હોય તો તાલીમ સવારના સમયે રાખી શકાશે પરંતુ તાલીમના કુલ કલાકોમાં ઘટાડો થઇ શકશે નહીં.
- સદર તાલીમમાં આવનાર શિક્ષકને જરૂરી તાલીમ સાહિત્ય આપવાનું રહેશે. આ તાલીમ સાહિત્યમાં પ્રથમ સત્રની શિક્ષક આવૃત્તિ તેમજ તાલીમને લગતી જરૂરી સામગ્રી આપી શકાશે.

- આ તાલીમ **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 આધારિત શિક્ષકોની વ્યાવસાયિક સજ્જતા** સંબંધિત અતિ અગત્યની હોઇ વધુ સાહિત્ય પૂરું પાડવું આવશ્યક જણાતું હોય તેને ધ્યાને લઇ વધારાના સાહિત્ય માટેના વ્યાજબી આનુષાંગિક ખર્ચ કરવાની આથી મંજૂરી આપવામાં આવે છે.
- જિલ્લાને તાલીમ માટે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદા કરતાં વધુ ખર્ચ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.
- **શિક્ષક તાલીમ દરમિયાન પ્રથમ દિવસે ૧૧-૦૦ થી ૧૨-૦૦ કલાક દરમિયાન ઓનએર પ્રસારણ બાયસેગ ચેનલ નંબર-૫ અને યુટ્યૂબ (જીસીઇઆરટી યુટ્યૂબ ચેનલ) પરથી સીધું જીવંત પ્રસારણમાં શિક્ષકોને જોડવાના રહેશે.**
- તાલીમ પૂર્ણ થયા બાદ દૈનિક 5 કલાક મુજબ તાલીમના દિવસોની સંખ્યાને ધ્યાને લઇ તાલીમની પૂર્ણતાનું સર્ટીફિકેટ આપવાનું રહેશે.
- **દરેક જિલ્લાએ એમ.ટી તાલીમનો આનુષાંગિક ખર્ચ** ઇડીએન-૧૬ એલ શિક્ષક તાલીમ સદરે કરવાનો રહેશે.
- **દરેક જિલ્લાએ શિક્ષક તાલીમનો આનુષાંગિક ખર્ચ** જીસીઇઆરટી દ્વારા પી.એફ.એમ.એસ. દ્વારા આપેલ ગ્રાન્ટની લીમીટમાંથી કરવાનો રહેશે.
- **તાલુકાકક્ષાએ શિક્ષક તાલીમના આયોજન માટે બી.આર.સી. કો.ઓર્ડિનેટરનો સહયોગ લઇ શકાશે.**
- શિક્ષક તાલીમ દરમિયાન DIET પ્રાચાર્યશ્રી, DEO, DPEO, શાસનાધિકારીશ્રી, જીસીઇઆરટી અને ડાયટ ફેકલ્ટીસ, TPEO, કેળવણી નિરીક્ષક, BRCc અને CRCc એ મોનીટરીંગ કરવાનું રહેશે.
- તાલીમ પૂર્ણ થયા બાદ આ સાથે સામેલ પત્રકોમાં જરૂરી વિગતો ભરી પ્રાચાર્યશ્રીના સહી સિક્કા સાથે દિન-૭ માં મોકલી આપવાના રહેશે.

**(પી. કે. ત્રિવેદી)**
**નિયામક**
જીસીઈઆરટી
ગાંધીનગર

બિડાણઃ

- તમામ વિષયની શિક્ષક આવૃત્તિની નકલ (Drive Link)

**નકલ સવિનય રવાના જાણ સારૂઃ**

1. **માન. સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર** સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯, ગાંધીનગર
2. **માન. નિયામકશ્રી,**પ્રાથમિક શિક્ષણ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂઃ**

1. **જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારશ્રી,** તમામ
2. **શાસનાધિકારશ્રી,** તમામ